APPENDIX IV

INTRODUCTION-EXTROVERT INVENTORY

# અંતર્મુખ અને બહિર્મુખ માનસ-માપસૂચિ 609

પ્રયોજક : ડૉ. એ. એસ. પટેલ

---

—: સૂચના :—

(૧) કેટલાક માણસો સ્વભાવે એકાંતપ્રિય અથવા અતડા સ્વભાવના હોય છે. જ્યારે કેટલાક માણસો મિલનસાર સ્વભાવના હોય છે અથવા કેટલાક દરેકમાં માથુ મારે છે. આવા સ્વભાવનો નિર્દેશ કરતા અને પ્રસંગોને આવરી લેતાં જુદાં જુદાં વિધાનો પાછળ આપ્યાં છે. તમારે પ્રત્યેક વિધાનપર પૂરતો વિચાર કરવાનો છે. અને તે વિધાન તમને પોતાને લાગુ પડે છે કે નહિ તે નક્કી કરવાનું છે. પછી તમારે તમારો પ્રમાણિક ઉત્તર આપવાનો છે.

(૨) પ્રત્યેક વિધાન સામે કૌંસ આપેલ છે. જે વિધાન તમને લાગુ પડતાં હોય અથવા જે સાથે તમે સંમત થતા હો તેટલાંજ વિધાનો પાછળ આપેલ કૌંસમાં આવું ( ✓ ) નિશાન કરો. તમને લાગુ ન પડતાં હોય અથવા જે સાથે તમે સંમત ન થતા હો તેવાં વિધાનો પાછળ આવું ( × ) નિશાન કરો. દરેક વિધાન અંગે તમારું વલણ દર્શાવો.

(૩) વ્યક્તિને સમજીને મદદગાર થઇ શકાય એ હેતુથીજ આ માપસૂચિ તૈયાર કરવામાં આવી છે, તેમાં બીજો કોઇ હેતુ નથી. વિનંતિ છે કે આપ ચોક્કસ રીતે વિના ક્ષોભે તમને લાગુ પડતા જવાબ દર્શાવશો. બધી વિગત ખાનગી રહેશે તેની ખાત્રી આપવામાં આવે છે.

(૪) તમારે શું કરવાનું છે તે બાબતની હજુ કાંઇ શંકા રહેતી હોય તો કામ શરૂ કરતાં પહેલાં પૂછી લો.

હવે શરૂ કરો.

---

CASE

Faculty of Education and Psychology

**M. S. UNIVERSITY OF BARODA**

**BARODA**

(૧) બધા મને ઘરકૂકડો/ઘરકૂકડી કહે છે. .... ( )

(૨) હું માનું છું કે પુસ્તકો માણસો કરતાં સારા મિત્રો છે. ... .... ( )

(૩) હું નાના બાળકોને ચાહું છું. ... ... ... .... ( )

(૪) કોઈપણ કારણ સિવાય હું બેહદ ગમગીની અનુભવું છું. ... .... ( )

(૫) કોઈનું ભલું થતું હોય તો તેનું કામ કરી આપવા હું હંમેશા તત્પર રહું છું. .... ( )

(૬) હું બીજી જાતિના માણસો સાથે ભળવામાં મુશ્કેલી અનુભવું છું. .... ( )

(૭) મને બીજા દેશના પત્ર-મિત્રો બનાવવાનું ગમે છે. ... ... .... ( )

(૮) મને મારા પોતાના વિચારો બીજાની આગળ દર્શાવવા ગમતા નથી. .... ( )

(૯) મને મારા ઘેર બીજાઓને આમંત્રણ આપવાનું ગમે છે. ... .... ( )

(૧૦) હું કોઈપણ કામની જવાબદારી લેતાં શરમાઉં છું. ... ... .... ( )

(૧૧) જોરદાર દલીલો કરી હું સભાઓમાં બધાંના મન જીતી લઉં છું. ... .... ( )

(૧૨) કોલેજમાં કે નિશાળમાં છોકરાઓ / છોકરીઓ સાથે બોલતાં મને ઘણોજ સંકોચ થાય છે. ... ... ... ... .... ( )

(૧૩) કોઈને મદદ કરવામાં હું મારા જીવની પણ પરવા કરતો/કરતી નથી. .... ( )

(૧૪) જો વર્ગમાં મને કંઈ સમજણ ન પડે તો હું શિક્ષકને પૂછવા કરતાં ચોપડીમાંથી વાંચી લેવું પસંદ કરું છું. ... ... .... ( )

(૧૫) મને ઉજાણીમાં કે પ્રવાસે જવાનું ઘણું ગમે છે. ... ... .... ( )

(૧૬) ઘણાં માણસોની સાથે હોવા છતાં હું એકલતા અનુભવું છું. ... .... ( )

(૧૭) મને ઘણી સામાજિક મુલાકાતો ગોઠવવાનું ગમે છે. ... .... ( )

(૧૮) સવારે કે સાંજે એકલાજ ફરવા જવાનું મને ગમે છે. ... ... .... ( )

(૧૯) હું જ્યાં જાઉં ત્યાં મારે જલદી મિત્રતા થઈ જાય છે. ... .... ( )

(૨૦) મને લાગે છે કે બીજાઓ મારા કરતાં વધારે આનંદી જીવન ગુજારે છે. .... ( )

(૨૧) હું મારી જાતનો વિચાર કરતો / કરતી નથી. ... ... .... )

(૨૨) કુટુંબના એક માણસની ગેરહાજરીથી મને આખું ઘર સુનું સુનું લાગે છે. .... ( )

(૨૩) અજાણ્યા માણસો સાથે વાત કરવામાં હું સંકોચ અનુભવું છું. ... .... ( )

(૨૪) હું મારાજ વિચારો અને લાગણીઓમાંજ રસ ધરાવું છું. ... .... ( )

(૨૫) મને ઘણી વખત જાહેરમાં કે સ્ટેજ ઉપર બોલતાં ક્ષોભ થાય છે.... .... ( )

(૨૬) હું જલદી મિત્રો બનાવી શકું છું. ... ... ... .... ( )

(૨૭) મારા માતાપિતા તથા બીજા વડીલો આગળ હું મારી અંગત બાબત રજુ કરી શકતો/શકતી નથી. ... ... ... ... .... ( )

(૨૮) નોકરી મેળવવા લાગવગની જરૂર પડે તો એવી વ્યક્તિઓને મળવામાં મને ખાસ શરમ આવતી નથી. ... ... ... .... ( )

(૨૯) હું મારી જાતને બીજા કરતાં લાગણીપ્રધાન માનું છું. ... .... ( )

(૩૦) મને જાહેર સભાઓમાં ભાષણો આપવાં ગમે છે. ... ... .... ( )

(૩૧) મારા પિતાજી મને ધમકાવે તો તે હું લાંબા સમય સુધી ભૂલી શકતો/શકતી નથી. ... ... ... ... ... .... ( )

(૩૨) હું મારા મિત્રમંડળમાં વાતોડિયા તરીકે ગણાઉં છું. ... .... ( )

(૩૩) કોઇપણ આમંત્રણનો હું જલદી સ્વીકાર કરી શકતો/શકતી નથી. ... .... ( )

(૩૪) મિત્રોની વાતોમાં હું ઘણો રસ ધરાવું છું. ... ... .... ( )

(૩૫) મને ઘણાં મંડળો કે કલબમાં જોડાવાનું ગમતું નથી. ... .... ( )

(૩૬) બસમાં, ગાડીમાં કે એવે બીજે સ્થળે અજાણ્યા માણસો સાથે વાતો કરવાનું મને ગમે છે. ... .... ... ... ... ( )

(૩૭) પોતાનું દુઃખ ભૂલવા માટે હું માણસોથી દૂર ભાગી જઇ કુદરત પાસે આશરો ખોળું છું. ... ... ... ... .... ( )

(૩૮) પરદેશમાં કે પરવસ્તીમાં હું સારી રીતે રહી શકું છું. ... .... ( )

(૩૯) જ્યારે જ્યારે હું કોઇ પાર્ટીમાં હાજરી આપું છું ત્યારે ઘણા મિત્રો કરી લઉં છું.... ( )

(૪૦) મને હંમેશા બીજાથી અલગ બેસવાનું ગમે છે. ... ... .... ( )

નામ ( વિદ્યાર્થી/વિદ્યાર્થિની ) ઉંમર

શાળા / કોલેજનું નામ વર્ગ

સરનામું